# સોરઠ ઈન્ટરનેશનલ સ્કૂલ, જુનાગઢ

**ધોરણ :- 10** **પેપર – 3** **વિષય - ગુજરાતી**

**સૂચના :-** 1. આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
2. દરેક વિભાગના ગુણ 20 છે.
3. જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલગુણ દર્શાવે છે.

## વિભાગ – A (ગદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો:** **(04)**

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1) 'જન્મોત્સવ' | અ) હાસ્યનિબંધ |
| 2) 'હિમાલયમાં એક સાહસ' | બ) એકાંકી |
| 3) 'ભૂલી ગયા પછી' | ક) નવલકથાખંડ |
| 4) 'છત્રી' | ડ) નવલિકા |
| | ઈ) પ્રવાસનિબંધ |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** **(04)**

1) પ્રવાસમાં લેખક(જવાહરલાલ)ની સાથે ______ હતા. (પત્ની અને બાળકો, માતા-પિતા અને મામા, પિતરાઇ ભાઈ અને મજૂરો, મિત્રો અને મજૂરો)
2) શ્રીમદ્‌ને મન ______ ધર્મ સાધનાનું સાધન માત્ર હતું. (દેહ, મન, આત્મા, વિચાર)
3) દેવજી અને કાનજી નવજાત બાળકને _____ ની પાસે લઈ ગયા. (કિસન, વેલજી ડોસો, શંકરદા, ગિરધર)
4) અંકલેશ્વર _____ કારણે લેખકને પ્રિય છે. (મિત્રોની મજાકને, આવતી દુર્ગંધને, ભેખડવતી નર્મદાને, પહાડી વિસ્તારને)

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં એક – એક વાક્યમાં ઉત્તર લખો:** **(02)**

1) આંબા પટેલની ઘોડીનું નામ આપો.
2) કવિવર રવીન્દ્રનાથ ટાગોરે 'રાજાના કુવરની...' ની વાર્તામાં શો ઉપદેશ આપ્યો છે?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** **(04)**

1) નીનાબહેને બાલમંદિરમાં ભણાવવાનું કામ કેમ છોડી દીધું?
2) રાજકોટ છત્રી લેવા જવાની વાત સૌને મૂર્ખામી ભરેલી લગતી હતી કારણ કે ....
3) ડુંગરે તેની પત્નીને સહાનુભૂતિ દર્શાવતા શું કહ્યું?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ - દસ વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** **(06)**

1) આરોગ્યની જાળવણી માટેના લેખકના વિચારો તમારા શબ્દોમાં લખો.
2) 'ભૂખથીય ભૂંડી ભીખ' પાઠના શીર્ષકની યથાર્થતા ચર્ચો.
3) નિજમંદિરમાં ઊભું કરેલું કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય સ્પષ્ટ કરો.

## વિભાગ – B (પદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો:** **(04)**

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1) 'હાઈકુ' | અ) ગંગાસતી |
| 2) 'બોલીએ ના કાંઈ' | બ) રાજીવ પટેલ |
| 3) 'એક બપોરે' | ક) પાનબાઈ |
| 4) 'શીલવંત સાધુને' | ડ) રાજેન્દ્ર શાહ |
| | ઈ) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** **(04)**

1) વતનથી વિદાય થતાં કાવ્યનાયક સાથે _______ ચાલતા ચાલતા આવ્યો હતો. (બળદ, શ્વાન, કાવ્યનાયકનો મિત્ર, કાવ્યનાયકનો ભાઈ)
2) 'એક બપોરે' કાવ્યમાં પત્ની કે પ્રિયતમાના પ્રતીક તરીકે _____ પક્ષીને લીધેલ છે. (કબૂતર, હંસ, સારસી, મયૂર)
3) કાવ્યનાયક ______ ધૂળમાં ન ભળી જવાની અરજ કરે છે. (અશ્રુને, સ્વપ્નને, અનાજને, કઠોળને)
4) સંસારમાં રોજ કાયમથી દીકરી ______ જીવે છે. (પ્રેમથી, ક્રોધથી, લાડથી, ફફડથી)

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં એક – એક વાક્યમાં ઉત્તર લખો:** **(02)**

1) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિના શિરે કોની આશિષનો વિસ્તાર છે?

2) ગરીબ ઘરની ચુંદડી ક્યાં સુધી સાથ રહે છે?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યોમાં ઉત્તર લખો:** **(04)**

1) કવિના મતે કોના દર્શન કરવાથી એકોતેર પેઢી તરી જાય છે?

2) પ્રથમ મુકતકમાં કવિ કઈ વાતની ચેતવણી આપે છે, વિસ્તારથી સમજાવો.

3) કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

**(ઇ) નીચે આપેલા પ્રશ્નોના આઠ - દસ વાક્યોમાં ઉત્તર લખો: (કોઇપણ બે)** **(04)**

1) 'શીલવંત સાધુ' તમે કોને કહેશો તે કાવ્યના આધારે જણાવો.

2) 'માધવને દીઠો છે ક્યાંય?' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

3) વતનથી વિદાય થતાં કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

## <u>વિભાગ – C (વ્યાકરણ વિભાગ)</u>

**• માગ્યા મુજબ ઉત્તર લખો:**

**⇨ નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:**

1) **આપેલ શબ્દોની સાચી જોડણી શોધીને લખો:** - ક્ષીતીજ (ક્ષિતીજ, ક્ષિતિજ, ક્ષીતિજ) - સહનુભૂતિ (સહાનુભૂતિ, સહાનૂભુતી, સહાનૂભુતિ) **(01)**

2) **આપેલ શબ્દની સંધિ કરો:** - 'મનસ્ + મંથન' (મનમંથન, મનોમંથન, મન્મંથન) **(01)**

3) **આપેલ શબ્દનો સમાસ ઓળખવો:** - સહનશક્તિ (કર્મધારય, ઉપપદ, મધ્યમપદલોપી) **(01)**

4) **યોગ્ય જોડકાં જોડો:** **(01)**

| **અ** | **બ** |
|---|---|
| કર્તરિ વાક્યરચના | મેં છત્રી ખોઈ નાખી. |
| કર્મણિ વાક્યરચના | મારાથી પણ સ્મિત કરાયું. |
| | મારાથી સંસ્કૃત વધુ ન શીખી શકાયું. |

5) **આપેલ વાક્યમાં રહેલો અલંકાર ઓળખવો:** "આત્મા ઘી જેવો મુલ્યવાન છે." (ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા) **(01)**

6) **આપેલ શબ્દમાં ક્યો પ્રત્યય લાગેલો છે:** - ઢાળિયું (પૂર્વપ્રત્યય, પૂર્વ અને પર પ્રત્યય, પરપ્રત્યય) **(01)**

7) **આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો:** - પુંજ (ધન, પુંજી, ઢગલો) - પરાણે (સહજતાથી, મહામહેનતે, ભૂલથી) **(01)**

8) **'હિમસમૂહ' સંજ્ઞાનો આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને લખો:** (વ્યક્તિવાચક, જાતિવાચક, સમૂહવાચક) **(01)**

9) **આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપો:** - દૂધે ધોઈને આપવું **(01)**

10) **આપેલ કહેવતનો અર્થ આપો:** - બોડીને તાં વળી કાંહકી કેવી. **(01)**

11) **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો:** - "એક સાથે સો વસ્તુઓ, ભૂલ વિના, ક્રમમાં યાદ રાખવાની શક્તિ" **(01)**

12) **આપેલ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો:** - પરહિત **(01)**

13) **આપેલ બન્ને શબ્દના જોડણીભેદે થતાં અર્થભેદ જણાવો:** - પ્રણામ, પ્રમાણ **(01)**

14) **આપેલા તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો:** - ગદરો **(01)**

15) **આપેલ વાક્યમાંથી વિશેષણ શોધીને તેનો પ્રકાર લખો:** - પચાસેક વરસ મોર્યની વાત છે. **(01)**

16) **આપેલ વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર લખો:** - મારા પપ્પાને સીધા દવાખાને લઈ જાત. **(01)**

17) **આપેલ શબ્દના ધ્વનિઘટકો છૂટા પાડો:** - ચોખ્ખાચટ **(01)**

18) **આપેલ વાક્યની પ્રેરકરચના બનાવો:** - મહંતે અગ્નિની પૂજા કરી. **(01)**

19) **આપેલ પંક્તિનો છંદ ઓળખવો:** - પોલું છે તે વાગ્યું તેમાં તેં શી કરી કારીગરી, **(01)**
સાંબેલું વગાડે તો હું જાણું કે તું ક્ષાણો છે.

20) **શિખરિણી છંદનું સૂત્ર જણાવો.** **(01)**

**વિભાગ – D (લેખન સજ્જતા)**

**(અ) નીચેની પંક્તિનો આશરે 15 વાક્યમાં અર્થવિસ્તાર કરો.** **(04)**

- ન રાખ આશ કદી કોઈ પાસ;
કરી શકે કોણ પછી નિરાશ.

**અથવા**

- ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સારે;
મત્સભોગી બગલો મુક્તાફળ દેખી ચંચૂ ના ભરે.

**(બ) તમારી શાળામાં ઉજવાયેલા પ્રજાસતાકદિનની ઉજવણીનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.** **(04)**

**(ક) નીચે આપેલ ગદ્યખંડનો ત્રીજા ભાગ જેટલો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **(04)**

કેટલીકવાર એવું બને કે સાચા દિલની પ્રાર્થનાનો ઉત્તર ન મળે. એવું બને ત્યારે નિરાશ ન થવું. શ્રદ્ધા ગુમાવવી નહીં. માનવું કે આપણી શ્રદ્ધાની કસોટી થઈ રહી છે. ભગવાન આપણા હ્દયને વધરે વિશુદ્ધ કરી રહ્યા હોય તેમાં વિલંબ તો થાય જ ને? એવી સમજ નહીં રાખી હોય તો અધીર બનીને ભગવાન વિશે અભાવ જાગશે. ઊંચા માર્ગ પરથી સહી જવાશે, નિશ્ચય પીગળી જશે. માટે ધૈર્ય તો રાખવું જ પડે. કેટલીકવાર કડક પરીક્ષા થાય છે. ત્યારે એમ ન સમજવું કે પરમેશ્વરનું કાળજું કઠણ થઈ ગયું છે. એમનાથી આપણી પ્રાર્થના સાંભળતી નથી. પ્રાર્થનાનો ઉત્તર ન મળે કે મોડો મળે એમાં અજંપો શો? ભગવાન ફળ આપે ત્યારે એમનો આભાર માનવો એટલું તો સૌ કોઈ કરી શકે. પરંતુ એમને કરેલી પ્રાર્થના નિષ્ફળ જાય ત્યારે એમને કે પોતાના ભાગ્યને દોષ ન દેતાં ધીરજ રાખે તેવા સાધકો જ આગળ વધી શકે.

- સ્વામી શિવાનંદજી

**(ડ) ગમે તે એક વિષય પર મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **(08)**

**➔ મારું વતન**

**મુદ્દા:-** પ્રસ્તાવના – વતનની વિશેષતા – વતનપ્રેમની વાત – સંસ્મરણો – ઉપસંહાર

**અથવા**

**➔ વસંત – વનમાં અને જનમાં**

**મુદ્દા:-** પ્રસ્તાવના – ભારતનો ઋતુક્રમ – વસંતનું માદક વાતાવરણ – વસંત અને માનવજીવન – વસંત : એક અજોડ ઋતુ – ઉપસંહાર

**અથવા**

**➔ દીકરી ઘરની દીવડી**

**મુદ્દા:-** પ્રસ્તાવના – દીકરી પ્રત્યેનું સમાજનું વલણ – દીકરી અને દીકરાની પ્રકૃતિ – પિતાનો વહાલ દીકરી – સ્ત્રીભ્રૂણ હત્યા અને સ્ત્રી – પુરુષ પ્રમાણમા અસમતુલા – ચેતવણીની ઘંટી વાગી ચૂકી છે – જાગૃતિની જરૂર – ઉપસંહાર